# ગરમીમાંસ્ટાઈલકરો ટ્રેન્ડી સ્કર્ટ

ગરમીની મોસમમાં યુવતીઓ લાઈટ, આરામદાયકની સાથે સાથે સ્ટાઈલિશ કપડાં પહેરવાનું પસંદ કરે છે. સ્કર્ટસ આ મોસમ માટે સૌથી સારો વિકલ્પ માનવામાં આવે છે. સ્કર્ટ તમને કુલ અને કમ્ફટેબલ મહેસૂસ કરાવી તમારા લુકને બેહદ આકર્ષક બનાવે છે. અલગ અલગ ડીઝાઈનના સ્કર્ટ તમે ઓફિસથી માંડી ડે આઉટ, વેકેશન અને ડેલી રૂટિનમાં પણ પહેરી શકો છો. આજકાલ ફેશનમાં ઘણા પ્રકારના સ્કર્ટસ ટ્રેન્ડ કરી રહ્યા છે. આ સ્કર્ટસ તમે ટી શર્ટ, ક્રોપ ટોપ, શર્ટ કે ટેન્ક ટોપ સાથે સહેલાઈથી પેર કરી શકો છો. આવો જોઈએ આ ગરમીમાં કયા સ્કર્ટસ પહેરી શકાય.





## મિની સ્કર્ટ

યુવતીઓમાં સૌથી વધારે પસંદ કરાતાં સ્કર્ટમાંથી મિની સ્કર્ટ એક છે. એ ઘૂંટણોની ઉપર સુધી હોય છે. પાર્ટી અને કેઝ્યુઅલ આઉટીંગ માટે સારો વિકલ્પ માનવામાં આવે છે.

આજકાલ ડેનિમ, કોટન અને પ્લેડ ડિઝાઈનના મિની સ્કર્ટ ટ્રેન્ડમાં છે. એને તમે ક્રોપ્ડ ટોપ કે ઓવરસાઈઝ શર્ટ સાથે સ્ટાઈલ કરી શકો છો.

## પ્રિન્ટેડ અને ફ્લોરલ સ્કર્ટ

ગરમીની મોસમમાં પ્રિન્ટેડ અને ફ્લોરલ સ્કર્ટ કમ્ફર્ટેબલ રહે છે. આ સ્કર્ટના બ્રાઈટ કલર્સ અને ખૂબસૂરત પ્રિન્ટ તમારા લુકને ફ્રેશ અને આકર્ષક બનાવે છે. ફ્લોરલ સ્કર્ટ સાદા ટી શર્ટ કે સ્લીવલેસ ટોપ સાથે પહેરી શકાય. ખાસ કરીને દિવસના સમયે આઉટિંગ માટે આ લુક બહુ સરસ લાગે છે.

## મેક્સી સ્કર્ટ

મેક્સી સ્કર્ટ ઘૂંટી સુધી લાંબા હોય છે અને બહુ આરામદાયક હોય છે. ગરમીમાં કોટન કે રેયોન ફેબિકનાં મેકસી સ્કર્ટ પહેરવા જોઈએ. બીચ ટ્રીપ, વેકેશન કે કેઝ્યુઅલ આઉટિંગ માટે આ સ્કર્ટ બહુ સારા માનવામાં આવે છે.

આ સ્કર્ટને ક્રોપ ટોપ અથવા ઓફ શોલ્ડર ટોપ સાથે પહેરી તમે બોહો સ્ટાઈલ લુક મેળવી શકો છો.



## રેપ સ્કર્ટ

રેપ સ્કર્ટની ડિઝાઈન થોડી અલગ હોય છે. એમાં સ્કર્ટ વિંટાળી બાંધવામાં આવે છે. એ બહુ સ્ટાઈલિશ અને યુનિક લાગે છે. ફ્લોરલ પ્રિન્ટ કે સોલિડ કલર્સ પસંદ કરી શકાય.

રેપ સ્કર્ટ સાથે ટેન્ક ટોપ કે ફિટેડ ટી શર્ટ પહેરી આકર્ષક લુક મેળવી શકાય છે.



## ફ્લોઇ મિડી સ્કર્ટ

ફ્લોઇ મિડી સ્કર્ટની લંબાઇ ઘૂંટણોથી થોડી નીચે સુધી હોય છે. એનો ફ્લેર એને સ્ટાઈલિશ બનાવે છે. કોટન, લિનન, અને શિફોન ફેબ્રિકમાં એ મળે છે.આ સ્કર્ટ ક્રોપ ટોપ, ફિટેડ ટી શર્ટ કે લાઈટ શર્ટ સાથે પહેરી શકાય. કોલેજ, ઓફિસ કે ફ્રેન્ડસ સાથે આઉટિંગમાં આ સ્કર્ટ સારા લાગે છે.

## પ્લીટેડ સ્કર્ટ

પ્લીટેડ એટલે કે પ્લીટવાળા સ્કર્ટ પણ આજકાલ ફેશનમાં છે. એમાં નાના નાના ફોલ્ડ- પ્લીટસ હોય છે જે એને ક્લાસી લુક આપે છે. આ સ્કર્ટ ઓફિસ, પાર્ટી અને કોલેજ માટે યોગ્ય માનવામાં આવે છે.

આ સ્કર્ટ શર્ટ, ટોપ કે બ્લેઝર સાથે પહેરી શકાય છે.

## ડેનિમ સ્કર્ટ

ડેનિમ સ્કર્ટ કદી આઉટ ઓફ ફેશન થતાં નથી. આજકાલ મિડી અને A લાઈન સ્કર્ટ ટ્રેન્ડમાં છે.

તમે એની સાથે શર્ટ, ટેન્ક ટોપ, ટી શર્ટ સ્ટાઈલ કરી શકો. ડેનિમ ઓન ડેનિમ લુક પણ સારો લાગે છે.



## ટિપ્સ

- ગરમી માટે હંમેશ લાઈટ અને બ્રિધેબલ ફેબ્રિક પસંદ કરો. દા.ત. કોટન કે લિનન
- બહુ ટાઈટ સ્કર્ટને બદલે કમ્ફર્ટેબલ ફિટવાળા સ્કર્ટ ખરીદો.
- લાઈટ અને પેસ્ટલ કલર્સ ગરમીમાં સારા લાગે છે.
- અલગ અલગ ટોપ સાથે મેચ થાય એવા સ્કર્ટ પસંદ કરો.